

સી.એન.જી. પમ્પના એટેન્ડેન્સનું જડતાભર્યું વર્તન... સે-૨૪માં આવેલાં સીએનજી પંપ પર ૮ ફિલીંગ નોઝલ છે. એમાં એક રિક્ષા માટે અને બે પર કાર માટે લાઈન લગાવાય છે. બાકીની પાંચ નોઝલ શોભાના ગાંઠીયા જેવી છે. બધાં જ ફિલીંગ સ્ટેશન ચાલુ હોવા છતાં માત્ર અને માત્ર સંચાલકોની જડતાને કારણે કેટલાંય ગ્રાહકોને કલાકો સુધી લાઈનમાં ઉભું રહેવું પડે છે જયારે કોઈ આ બાબતે રજૂઆત કરવા જાય તો તોછડાઈ ભર્યું વર્તન કરે છે અને સુણાવે છે કે 'પંપ અમારો છે, અમારે કેટલાં ચાલુ રાખવાં કેટલાં બંધ, એમાં તમારે માથું મારવાની જરુર નથી. સીએનજી ભરાવવો હોય તો ભરાવો નહીં તો બીજો પંપ શોધી લો...' આટલી સુંદર સસ્તી સવલત સામે ગ્રાહકનું આવું અપમાન કઠી જાય છે. જીએસપીસીના અધિકારીઓ આ બાબતે ઘટતું કરે એવી સામાન્ય જનતાની વિનંતી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# એસીડ નાંખીને ખંડણી માંગતી ગેંગને બોગસ સીમ કાર્ડ આપનાર વેપારીની ધરપકડ

## બીજા વ્યક્તિના નામે સામ કાર્ડ બનાવી આપ્યું હોવાથી ફોન પર બિન્દાસ્ત ધમકી આપતા હતા : વેપારી અને ખંડણીખોર અગાઉ એક પેટ્રોલપંપમાં સાથે નોકરી કરતા હતા

ગાંધીનગર, તા. ૭

શહેરના સે-૨૦ માં કોન્ટ્રાક્ટરની બીએમડબલ્યુ કાર પર એસીડ ફેંકીને રૂ.૫ કરોડની ખંડણી માંગી પરિવારજનોને જાનથી મારી નાંખવાની ધમકી આપવાના -કરણમાં ગાંધીનગર એલસીબી પોલીસે ખંડણીખોર ત્રિપુટીને ઝડપી લીધી હતી. માઈનીગ કોન્ટ્રાક્ટરનો વીમા એજન્ટ આ ખંડણી -કરણનો મુખ્ય સુત્રધાર હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. આ જ ત્રિપુટી એ અમદાવાદમાં પણ એસીડ કાર પર ફેંકીને ખંડણી ઉઘરાવવાનો નિષ્ફળ -યાસ કર્યો હતો. પોલીસે ત્રણેયની ધરપકડ કરીને આજે કોર્ટમાં રજુ કરતા કોર્ટે આશિષને જામીન પર મુક્ત કર્યો છે. જયારે અન્ય બે સાગરીતોને સેન્ટ્રલ જેલ હવાલે ધકેલી દેવામાં આવ્યા છે. સે-૨૧ પોલીસે ખંડણીખોરને બોગસ ડોક્યુમેન્ટ પર સીમકાર્ડ બનાવી આપનાર વેપારીની પણ ધરપકડ કરી લીધી છે. કોર્ટે તેને પણ સેન્ટ્રલ જેલ હવાલે ધકેલી દીધા છે.

ગત મહિના દરમિયાન હાઈ -ોફાઈલ ગણાતા શહેરના સેક્ટર-૨૦ માં રહેતા માઈનીગ કોન્ટ્રાક્ટરના પરિવારજનો ખંડણીખોરોની ધમકીઓનો ભોગ બન્યા હતા. ગત તા.૨૩ મે ના રોજ સે-૨૦ માં રહેતા માઈનીગ કોન્ટ્રાક્ટર અબજીભાઈ કરમશીભાઈ ધોરુંની બીએમડબલ્યુ કાર પર કેટલાક તત્વોએ એસીડ ફેંક્યો હતો. ડ્રાઈવરે આ મામલે અબજીભાઈનું ધ્યાન દોર્યુ હતું પરંતુ -થમિક તબક્કે આ બાબતને તેમણે ગંભીરતાથી લીધી ન હતી. બનાવના બીજા દિવસે જ ખંડણી -કરણના એક હિન્દી ભાષી સાગરીતે અબજીભાઈને મોબાઈલ પર કોલ કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે કાર પે એસીડ હમને ફેંકા થા..ચિઠ્ઠી મિલી કે નહિ..?અબજીભાઈએ કોઈ ચિઠ્ઠી મળી ન હોવાનું જણાવતા ઈન્તજાર કરો કહીને ફોન મૂકી દીધો હતો. બીજા દિવસે રૂ.૫ કરોડની ખંડણી માંગતો અને પરિવારજનો પર એસીડ ફેકવાની ધમકીભરી ચિઠ્ઠી મળતા અબજીભાઈ ચોંકી ગયા હતા અને પોલીસને જાણ કરી હતી. આ સમગ્ર -કરણમાં એલ.સી.બી પોલીસની ટીમે આ ગુનાના આરોપીઓને બાતમીના આધારે વોચ ગોઠવીને અડાલજ પાસે બાલાપીર ચોકડી પાસેથી ઝડપી લીધા હતા. વેગન આર ગાડીમાં જતા પકડાઈ ગયેલા આરોપીઓ ઘોડાસર અમદાવાદનો આશિષ અરવિંદ શાહ, સરસપુર અમદાવાદનો સત્ય-કાશ ઉર્ફે વિજયજ્ઞાન રાજપૂત તેમજ બહેરામપુરા અમદાવાદનો મીનેશ ઉર્ફે ટીનો રમેશ રાણાની પોલીસે ધરપકડ કરી લીધી હતી. પકડાયેલા આરોપીઓ પૈકી આશિષ મુખ્યસુત્રધાર હોવાનું પોલીસે જણાવ્યું હતું. તે અબજીભાઈનો વીમા એજન્ટ હતો અને તેમની કાર બીએમડબલ્યુનો પણ વીમો તેને કર્યો હતો. અબજીભાઈની આર્થિક બાબતોથી તે વાકેફ હતો એટલે તેમને ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા. તે ઉપરાંત અમદાવાદના તેના પિતરાઈ ભાઈને પણ આશિષે તેના સાગરીતો સાથે મળીને આ જ એમ.ઓ થી ધમકી આપી હતી. ત્રણેય ની ધરપકડ કરીને પોલીસે કોર્ટમાં રજુ કરતા કોર્ટે આશિષને જામીન પર મુક્ત કર્યો છે અને અન્ય બંને સાગરીતોને સેન્ટ્રલ જેલ હવાલે કરી દીધા છે. પોલીસે બનાવટી પુરાવાઓને આધારે સીમકાર્ડ એક્ટીવ કરાવી આપનાર અમદાવાદના આનંદનગર વિસ્તારના વેપારી ખડકબહાદુર સોની (નેપાળી) ની પણ ધરપકડ કરી લીધી છે અને કોર્ટે તેને પણ જેલ હવાલે કરી દીધો છે. આ વેપારી અને આરોપી મીનેશ બંને અગાઉ એક પેટ્રોલ પંપે સાથે નોકરી કરતા હતા.

# વીટકોસ બસની ઉલ્ટી ગંગા, બાલવાથી ઉપડતી બસનું બોર્ડ ઉનાવાનું

## બસ અનિયમિત હોવાથી ખાનગી વાહનમાં મુસાફરી કરતા નાગરિકો

ગાંધીનગર, તા. ૭

શહેરમાં જયારથી સિટી બસની શરૂઆત કરવામાં આવી છે. ત્યારથી આ સેવા પુરી પાડતી વીટકોસ કંપની વિવાદમાં રહી છે. ગાંધીનગરથી બાલવા રૂટની બસમાં ઉનાવાનું બોર્ડ લગાવીને ફેરવવામાં આવે છે. ઉનાવાના અગ્રણીએ આ બોર્ડ ગાંધીનગરથી બાલવાનું બોર્ડ લગાવવા કંપનીના સત્તાધિકારીઓને જણાવ્યું છે.

ગાંધીનગર શહેરમાં જયારે વીટકોસ બસ કંપની દ્વારા શહેરી સર્વિસ ચાલુ કરવામાં આવી ત્યારે લીલા તોરણે વધાવવામાં આવી હતી. પરંતુ જેમ જેમ આ કંપનીનો સમયકાળ વધતો ગયો તેમ તેમ લાલીયાવાડી સામે આવી રહી છે. આ બસ પહેલા ગેસમાં ચલાવવામાં આવતી હતી. ત્યારબાદ ડીઝલમાં ચલાવવામાં આવે છે. તેવી અનેક સમસ્યાઓ સામે ચાલી રહી છે.

બાલવાના એક અગ્રણીએ જણાવ્યું છે કે ગાંધીનગરથી બાલવા રૂટ પર ફરતી સિટી બસ છેલ્લા કેટલાક દિવસથી અનિયમિત થઈ ગઈ છે. બસનો સમય મનમોજીલો થઈ ગયો છે. તેમજ આ બસનું બોર્ડ ગાંધીનગરથી બાલવા હોવુ જોઈએ. તેની જગ્યાએ ગાંધીનગરથી ઉનાવા લાગેલુ હોય છે. જેથી બાલવાથી મુસાફરી કરતા મુસાફરોને અન્ય વાહનોનો સહારો લેવો પડે છે. તેમજ અહિંથી દરરોજ અપડાઉન કરતા વિદ્યાર્થીઓ, નોકરીયાતો, વેપારીઓને હાલાકી ભોગવવી પડી રહી છે. લોકમુખે એવુ પણ ચર્ચાઈ રહ્યું છે કે બાલવાથી ઉપડતી બસની ટીકીટ ઉનાવાથી આપવામાં આવે છે જે ખરેખર અન્યાય છે. સાથે-સાથે બસ કંપનીને પણ આર્થિક નુકશાની થઈ રહી છે. બસને નિમિયત કરવામાં આવે અને તેને લગતી સમસ્યાઓનું ઝડપથી નિરાકરણ લાવવામાં આવે તેવું નાગરિકો ઝંખી રહ્યા છે.



ગાંધીનગરથી અમદાવાદ તરફ જતાં તપોવન સર્કલની મરામતની જરૂરીયાત દેખાઈ રહી છે. છતાં કયા કારણોસર ઢીલાશ છે તે જે તે અધિકારીઓ જાણે. પણ આવતા-જતાં જોનારા લોકો તો આટલા સારા સર્કલની આવી દુર્દશા જોઈ અફસોસ જ કરે તે સ્વાભાવિક છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ઈન્ફોસિટી નજીક સ્થિત પ્રમુખ આર્કેડના મીટર બોર્ડમાં અચાનક આગ લાગતા નાસભાગ

## ગરમીમાં વધેલા વીજ વપરાશને કારણે પાવર ઓવરલોડ થતા મીટર બોર્ડ સળગી ઉઠ્યા હોવાનું પ્રાથમિક તારણ : આગ પ્રસરે અને મોટું નુકસાન થાય તે પહેલા ગાંધીનગર ફાયર બ્રિગેડે આગ કાબુમાં લઈ લીધી : કોઈ જાનહાની નહિ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક ઈન્ફોસિટીથી કુડાસણ જવાના માર્ગ



પર આવતા -મુખ આર્કેડના મીટર બોર્ડ આજે બપોરના અરસામાં અચાનક સળગી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. ફાયરબ્રિગેડને કોલ મળતા ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોચી ગઈ હતી. મીટર બોર્ડમાં લાગેલી આગ બીજી દુકાનોને લપેટમાં લે અને મોટું નુકશાન થાય તે પહેલા જ ફાયરબ્રિગેડની ટીમ દ્વારા આગને કાબુમાં લેવામાં સફળતા મળી હતી. ગરમીમાં પાવર ઓવરલોડને કારણે આગ લાગી હોવાની સંભાવના ફાયર ઓફિસરે વ્યક્ત કરી છે. સદભાગ્યે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની કે મોટું નુકશાન થવા પામ્યું નથી.

ગાંધીનગર શહેરને અડીને આવેલા ઈન્ફોસિટી થી કુડાસણ માર્ગ પર સ્થિત -મુખ આર્કેડ ખાતે ઈલેક્ટ્રિક મીટર બોર્ડમાં આજે બપોરના અરસામાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી અને ભારે દોડધામ મચી ગઈ હતી. આ આગનો કોલ ગાંધીનગર ફાયરબ્રિગેડને મળતા કાફલો તાબડતોબ ઘટનાસ્થળ પર પહોંચી ગયો હતો અને આગને કાબુમાં લેવા માટે -યત્નો શરુ કરી દીધા હતા. ઈલેક્ટ્રિક મીટર બોર્ડમાં આગ લાગી હોવાથી પાવર સપ્લાય બંધ કરાવી દઈને ફાયરની ટીમે સતત પાણીનો મારો ચલાવી આગને -સરતા અટકાવી દીધી હતી. આગ બાજુમાં સ્થિત દુકાનોને લપેટમાં લે તે પહેલા જ ફાયર ઓફિસર મહેશ મોડ તથા તેમની ટીમે મળીને આગને કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની કે કોઈ મોટું નુકશાન થવા પામ્યું નથી. ગરમીમાં પાવર લોડ વધી જવાથી મીટર બોર્ડ સળગી ઉઠ્યું હોવાની સંભાવના છે.

# દેશની નવી ચુંટાયેલી સરકાર ખેડૂતોને આપેલા વચનોનું પાલન કરે : કિસાન સંઘ

## ભારતીય કિસાન સંઘે મોદી સરકારથી ખેડૂતોને ઘણી આશાઓ હોવાનું જણાવ્યું : દેશભરમાં અભિયાન ચલાવી વધુ ખેડૂતોને સંઘ સાથે જોડાશે

ગાંધીનગર, તા.૭

ભારતીય કિસાન સંઘ દ્વારા દેશમાં નવનિર્વાચિત મોદી સરકાર સમક્ષ કિસાનોની સમસ્યાઓ દૂર કરવા આશાની મીટ માંડી છે. યુપીએ સરકારની કિસાન વિરોધી નીતિઓને કારણે દેશમાં લાખો કિસાનોએ આત્મહત્યા કરી હોવાના ઉલ્લેખ સાથે સંઘે મોદી સરકારને ખેડૂત હિતની સરકાર ગણાવતા ખેડૂતોની સમસ્યાઓ ઉકેલવા માંગણી કરી છે. આ સાથે કિસાનસંઘ દ્વારા દેશભરમાં સદસ્યતા અભિયાન ૨૦૧૫ ચાલુ કરવામાં આવનાર છે જે અંતર્ગત વધુને વધુ કિસાનોને સંઘમાં જોડવામાં આવશે.

હિમાચલ પ્રદેશના ઉના ખાતે તા. ૧૩મી મેના રોજ મળેલ ભારતીય કિસાન સંઘની બેઠકમાં દેશના ૩૩ રાજયોના ૧૫૦ પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતમાંથી પણ આ મીટીંગમાં કિસાન સંઘના રાષ્ટ્રીય માર્ગદર્શક જીવણભાઈ પટેલ, રાષ્ટ્રીય મંત્રી અંબુભાઈ પટેલ, રાષ્ટ્રીય મહિલા ઉપાધ્યક્ષ ચંદ્રિકાબેન સેજલીયા, પ્રદેશ અધ્યક્ષ મગનભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી મણીભાઈ પટેલ, પ્રદેશ કોષાધ્યક્ષ રમણભાઈ પટેલે હાજરી આપી હતી. આ બેઠકમાં અગાઉની યુપીએ સરકારની કિસાન વિરોધી નીતિઓના કારણે ત્રણ લાખ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી અને ડીઝલ, ખાતર, બિયારણ, પાણી અને વિજળી સહિત તમામ સંસાધનોના ભાવો ખૂબ વધી ગયા હોવાનો આક્ષેપ પણ કરાયો હતો.

આ બેઠકમાં હાલની નવનિર્વાચિત એનડીએ સરકારને કિસાનહિતની સરકાર ગણાવતા ખેડૂતોની આશાઓ સરકાર સમક્ષ મુકવા પ્રયત્ન કરાયો છે. ખેડૂતોને તેની ઉપજ માટે લાગતી પડતરના આધારે 'લાભકારી કિંમત' મળે, આ કિંમતથી કૃષિ ઉત્પાદનોની ખરીદી નિશ્ચિત કરાય, ખેતી માટે પુરતું પાણી મળી રહે, ખેડૂતોને વ્યાજ વગરની લોન આપવામાં આવે, પાક વિમા યોજના લાગુ કરાય તેમજ નરેગાને ખેતીના કાર્યોમાં પણ જોડવામાં આવે તે મુખ્ય મુદ્દા ગણાવાયા હતા. આ ઉપરાંત કૃષિ ક્ષેત્રે બાયો ટેકનોલોજીના ઉદ્યોગ માટે સંસદની સ્થાયી સમિતિ તેમજ સર્વોચ્ચ અદાલતની ટેકનીકલ વિશેષજ્ઞ સમિતિની ભલામણો લાગુ કરવાની પણ માંગણી કરાઈ છે. ભારતીય કિસાન સંઘ દ્વારા મોદી સરકાર ખેડૂતોની સમસ્યાઓ ઝડપથી ઉકેલશે તેવી ખેડૂતોને આશા હોવાની સાથે સાથે ભાજપ દ્વારા ચુંટણી ઢંઢેરામાં તેમજ ઘણી પ્રચાર સભાઓમાં કરેલા ખેડૂત હિતના વાયદા પુરા કરવા પણ અપેક્ષા રાખી છે. આ સાથે કિસાન સંઘ દ્વારા આગામી દિવસોમાં 'સદસ્યતા અભિયાન ૨૦૧૫' શરુ કરવામાં આવનાર છે. જે અંતર્ગત દરેક ગ્રામ સમિતિ સુધી પહોંચી વધારેને વધારે ખેડૂતો સુધી પહોંચવાનો સંકલ્પ પણ કરાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૧૩મી સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ ભારતના લાખો ખેડૂતોએ દિલ્હીના રામલીલા મેદાનમાં એકઠા થઈને યુપીએ સરકારની નીતિઓ અંગે વિરોધ પ્રદર્શિત કર્યો હતો. તેમજ આગલા દિવસે રાષ્ટ્રપતિને ખેડૂતોની માંગણી અંગે આવેદન પત્ર પણ અપાયું હતું. આમ છતાં સરકારની કિસાન વિરોધી નીતિ ચાલુ રહી હતી. આથી ચૂંટણીઓમાં કિસાનોએ ભારે મતદાન કરી એનડીએ સરકારને વિજયી બનાવી છે જે હવે કિસોના હિતમાં નીતિઓ લાગુ કરશે તેવી અપેક્ષા રખાઈ રહી છે.

# સોમવારે સે. ૨-સી માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૭

મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો તા. ૯ જૂન, સોમવાર, બપોરે, ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન શકુંતલાબેન વાલજીભાઈ ચૌધરીના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૫૫૪/૨, સેક્ટર-૨-સી ખાતે યોજવામાં આવશે. શહેરની ધર્મપ્રેમી જનતાને આ ગરબાનો લાભ લેવા પ્રફુલાબેન ભાવસારે જણાવ્યું છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

# રાજયની મહિલાઓને સ્વ બચાવ માટે રાઈફલ તાલીમ આપી સજ્જ કરાશે

ગાંધીનગર, તા.૭

મહિલા સુરક્ષા અને તેમના સ્વરક્ષણ માટે ગુજરાત સરકાર દ્વારા સુરક્ષા સેતુ યોજના હેઠળ રાજયના તમામ જિલ્લાઓમાં મહિલાઓને વિના મુલ્યે રાઈફલ તાલીમ આપવામાં આવશે.

મહિલા સુરક્ષા અને તેમના સ્વરક્ષણ માટે ગુજરાત સરકાર દ્વારા સુરક્ષા સેતુ યોજના હેઠળ ગુજરાત સ્ટેટ રાઈફલ એસોસિએશનના સહયોગથી રાજયના તમામ જિલ્લામાં ૧૫ વર્ષથી મોટી ૫૦૦ મહિલાઓને વિના મુલ્યે ૫.૫૯ એમ.એમ. ની દેશી અને વિદેશી લાયસન્સવાળી રાઈફલથી માહિતગાર કરવામાં આવશે અને ૧૫ અસલ જીવતા કારતુસ (ગોળી)થી રાઈફલ તાલીમ આપવામાં આવશે તાલીમ લેનારને પ્રમાણપત્રથી નવાજવામાં પણ આવશે.

આ તાલીમ પ્રવેશ માટે મહિલાઓએ પોતાના લાગુ પડતા પોલીસ સ્ટેશનમાં સંપર્ક સાધી પ્રવેશપત્ર મેળવી તેમાં વિગતો ભરી પરત કરવાના રહેશે. અને બાદમાં તેમને તાલીમ માટે જાણ કરવામાં આવશે. આ બાબતે રાજયના તમામ જિલ્લા પોલીસ સ્ટેશન અધિકારીને જાણ કરવામાં આવી છે. જેઓ રેન્જ બનાવશે તથા તાલીમ માટે વ્યવસ્થા કરશે.

આ કાર્યમાં ગુજરાત સ્ટેટ રાઈફલ એસોસિએશન પણ મદદે રહેશે. ગુજરાતની રાઈફલ કલબની તમામ રેન્જ ઉપર પણ તાલીમ આપવામાં આવશે. આ સિવાય દેશ, રક્ષણ, ગામડાના રક્ષણ, સ્વ રક્ષણ, રમત માટે હથિયાર પરવાનો લેવા ઉપયોગી ભાઈઓ તથા બેહનોને માન્ય સારી અને સસ્તી સરકારી રાઈફલ તાલીમ વર્ગનું આયોજન શાળા, કોલેજ સંસ્થા વગેરેમાં કરી આપવામાં આવે છે. આ અંગે વધુ માહિતી માટે નરેન્દ્રભાઈ ઓઝા માનદમંત્રી ગુજરાત સ્ટેટ રાઈફલ એસોસિએશનનો દેશની પ્રથમ રાઈફલ કલબ ધી અમદાવાદ મિલિટરી એન્ડ રાઈફલ ટ્રેનિંગ એસોસિએશન, ખાનપુર અમદાવાદ ખાતે પત્ર દ્વારા સંપર્ક સાધવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગુજરાત ઠાકોર મંડળ દ્વારા જીવનસાથી પસંદગી મેળો ૨૨મી જુને યોજાશે

ગુજરાત ઠાકોર (ક્ષત્રિય) મંડળ દ્વારા ઠાકોર સમાજના યુવક-યુવતીઓ, કુંવારા, વિધુર-વિધવા, ત્યકતા વગેરે માટે જીવનસાથી પસંદગી મેળો તા. ૨૨મી જુને લાલગેલી આશ્રમ મુધુમા તા. દસક્રોઈ ખાતે યોજાશે. પોતાની વિગતો શ્રી જયંતિભાઈ ઠાકોર ૨૦૩/૧૯ ભુદરપુરા ગામ-આંબાવાડી-અલિસબ્રિજ-અમદાવાદ ખાતે મોકલી આપવી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૨

## તાપમાન

મહત્તમ : ૪૩.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૧૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હોલીડે : ૨.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧.૩૦, ૫.૦૦, ૮.૧૫
: સ્ક્રીન-૪ :
હોલીડે : ૧૦.૦૦ (મોર્નિંગ)
સીટીલાઈટ્સ : ૧.૩૦
હીરોપંતી : ૧૦.૦૦
ફિલ્મીસ્તાન : ૪.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૫ :
હોલીડે : ૧૦.૦૦, ૫.૦૦, ૮.૧૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એક્સ-મેન(૩-ડી, હિન્દી) : ૧૦.૧૫,૧.૧૫,૪.૧૫,૭.૧૫,૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હીરોપંતી : ૯.૦૦, ૧૨.૦૦
કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૩.૦૦, ૫.૩૦, ૧૦.૫૫
ગોડજીલા ૩-ડી (હિન્દી) : ૮.૦૦
: સ્ક્રીન-૩ :
કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૧૦.૩૦
હીરોપંતી : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
સીટીલાઈટ્સ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હોલીડે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧.૦૦, ૭.૦૦
હીરોપંતી : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.